# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સોમનાથ મંદિરના દર્શન કર્યા - તેઓ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેશે
2. બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું
3. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, દેશનું સંરક્ષણ ઉત્પાદન એક લાખ 51 હજાર કરોડ રૂપિયા થયું.
4. ફિલિપાઇન્સના મિંડાનાઓમાં આજે સવારે 7.4ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો
5. વેસ્ટઇન્ડિઝ સામેની બીજી ટેસ્ટ ક્રિકેટ મેચમાં ભારતની પ્રથમ બેટીંગ

...................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PREZ GUJARAT VISIT

ગુજરાતના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કર્યા. ત્યારબાદ તેઓ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની પણ મુલાકાત લેશે અને સાસણગીરમાં સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે સંવાદ કરશે. સુશ્રી મુર્મૂ આવતીકાલે દેવભૂમિ દ્વારકાના સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરમાં દર્શન અને આરતી કરશે. ત્યારબાદ તેઓ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના 71મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. સુશ્રી મુર્મુ ગઇકાલે સાંજે રાજકોટ પહોંચ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR NOMINATIONS

**બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. આ સાથે 121 વિધાનસભા મતવિસ્તારો માટે પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. ચૂંટણી પંચે નામાંકન કેન્દ્રોની આસપાસ કડક સુરક્ષા વ્યવસ્થા માટે ખાસ સૂચનાઓ જારી કરી છે. ઉમેદવાર સાથે પ્રસ્તાવક સહિત ફક્ત ત્રણ વાહનો**

અને વધુમાં વધુ પાંચ વ્યક્તિઓને જ જવાની મંજૂરી અપાશે. સમગ્ર નામાંકન પ્રક્રિયાની વીડિયોગ્રાફી કરાશે.

પ્રથમ તબક્કામાં, પટના, દરભંગા, મધેપુરા, સહરસા, મુઝફ્ફરપુર, ગોપાલગંજ, સિવાન, સારણ, વૈશાલી, સમસ્તીપુર, બેગુસરાય, લખીસરાય, મુંગેર, શેખપુરા, નાલંદા, બક્સર અને ભોજપુર સહિત ઉત્તર અને દક્ષિણ બિહારના જિલ્લાઓમાં 6ઠ્ઠી નવેમ્બરે મતદાન યોજાશે.

ઉમેદવારો 17 ઑક્ટોબર સુધી ઉમેદવારી પત્રો ભરી શકે છે. ઉમેદવારી પત્રોની ચકાસણી બીજા દિવસે કરાશે અને પરત ખેંચવાની છેલ્લી તારીખ 20 ઓક્ટોબર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ECI- EPIC ALTERNATIVE

ચૂંટણી પંચે કહ્યું કે મતદાર યાદીમાં નામ ધરાવતા મતદારો મતદાન કરવા માટે તેમના ફોટો ઓળખ કાર્ડ-**EPIC** ઉપરાંત 12 વૈકલ્પિક ફોટો ઓળખપત્રોમાંથી કોઈપણ એક પ્રદર્શિત કરી શકે છે.

આ ઓળખપત્રોમાં આધાર કાર્ડ, પાન કાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવિંગ લાઇસન્સ અને બેંક અથવા પોસ્ટ ઓફિસ દ્વારા જારી કરાયેલા ફોટો સાથેની પાસબુકનો સમાવેશ થાય છે.

ચૂંટણી પંચે જણાવ્યું કે, બિહાર અને પેટાચૂંટણીમાં લગભગ સો ટકા મતદારોને ફોટો ઓળખ કાર્ડ EPIC જારી કરાયા છે. ચૂંટણી પંચે એ પણ માહિતી આપી હતી કે તેણે તમામ મુખ્ય ચૂંટણી અધિકારીઓને મતદાર યાદીના અંતિમ પ્રકાશનના 15 દિવસની અંદર નવા મતદારોને EPIC પહોંચાડવા માટે નિર્દેશો જારી કર્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BIHAR ELECTION-SEAT

રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન-NDAમાં આજે બેઠકોની વહેંચણી પર સર્વસંમતિ સધાય તેવી શક્યતા છે. ભાજપના ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પટનામાં વિવિધ જોડાણ ભાગીદારો સાથે અલગ-અલગ બેઠકો કરશે. આ ચર્ચા-વિચારણા પછી, બેઠકોની વહેંચણીની જાહેરાત 2 થી 3 દિવસમાં થવાની ધારણા છે.

ભાજપને તેના સાથી પક્ષો- કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીના નેતૃત્વ હેઠળના હિન્દુસ્તાની આવામ મોરચા, ઉપેન્દ્ર કુશવાહાના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોક મોરચા અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) સાથે બેઠકોની વહેંચણીની વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપવાનું કામ સોંપવામાં આવ્યું છે.

**NDA ભાગીદારો વચ્ચે બેઠકોની વહેંચણી પછી, ભાજપ અને JDU બેઠકોની સંખ્યાને અંતિમ સ્વરૂપ આપે તેવી શક્યતા છે. દરમિયાન, RJD નેતા તેજસ્વી પ્રસાદ યાદવે ગઈકાલે વિકાસશીલ ઇન્સાન પાર્ટીના પ્રમુખ મુકેશ સહાની સાથે મડાગાંઠનો અંત લાવવા માટે ચર્ચા કરી હતી.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RAJNATH AUSTRALIA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું, વિવિધ નીતિગત હસ્તક્ષેપો અને પાલન દ્વારા દેશના સંરક્ષણ ઉત્પાદન માળખાને સતત ઉદાર બનાવવામાં આવી રહ્યું છે, અને ભારતને વધુ વ્યવસાય-મૈત્રીપૂર્ણ બનાવવા માટે પદ્ધતિઓને સરળ બનાવવામાં આવી રહી છે.

આજે સિડનીમાં ભારત-ઓસ્ટ્રેલિયા સંરક્ષણ ઉદ્યોગ વ્યાપાર ગોળમેજીને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે, ગયા નાણાકીય વર્ષમાં દેશનું સંરક્ષણ ઉત્પાદન એક લાખ 51 હજાર કરોડ રૂપિયાને સ્પર્શ્યું હતું, જે પાછલા વર્ષ કરતા 18 ટકા વધુ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GST REFORMS- HARYANA

**GST** બચત મહોત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે. પ્રસ્તુત છે હરિયાણામાં રાજ્યના અર્થતંત્રને વેગ આપી રહેલા **GST** સુધારાઓ પર અમારા સંવાદદાતાનો અહેવાલ...

**(V/C- CHANDRASHEKHAR-GST)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# DELHI - GLOBAL WILDLIFE FAIR

નવી દિલ્હીમાં આજથી ત્રિ દિવસીય વૈશ્વિક વન્યજીવન મેળાનું ઉદ્ઘાટન કરાયું. કાર્યક્રમમાં સંબોધન કરતાં દિલ્હીના સંસ્કૃતિ અને પર્યટન મંત્રી કપિલ મિશ્રાએ જણાવ્યું કે, આ કાર્યક્રમ શહેરની વન્યજીવન અને ઇકો-ટુરિઝમની સંભાવનાઓને ઉજાગર કરશે.

તેમણે ભાર મૂક્યો કે દિલ્હીમાં પર્યટન મોટે ભાગે ઐતિહાસિક અને પુરાતત્વીય સ્થળો પર કેન્દ્રિત રહ્યું છે. પરંતુ આ પગલું પાટનગરની સમૃદ્ધ જૈવવિવિધતાને શોધવામાં મદદ કરશે.

આ મેળામાં વન્યજીવન સંરક્ષણ અને ઇકો-ટુરિઝમને પ્રોત્સાહન આપવા માટે વિવિધ હિસ્સેદારોના જૂથને એકત્ર કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SHIVRAJ SINH

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, પીએમ ધન-ધાન્ય યોજના અને કઠોળમાં આત્મનિર્ભરતા મિશન એ દેશને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી પહેલ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીના પુસા કેમ્પસથી પીએમ ધન-ધાન્ય યોજના અને કઠોળમાં આત્મનિર્ભરતા મિશનનો પ્રારંભ કરશે. કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે પીએમ ધન-ધાન્ય યોજના હેઠળ, સરકાર 100 ઓછી

ઉત્પાદકતાવાળા જિલ્લાઓને ઓળખવામાં આવશે અને ઉત્પાદકતા વધારવા માટે પગલાં અમલમાં મૂકાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## JAISHANKAR - AFGHANISTAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ભારત અને અફઘાનિસ્તાનને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. નવી દિલ્હીમાં અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકી સાથેની મુલાકાત દરમિયાન ડૉ. જયશંકરે કહ્યું કે બંને દેશો વિકાસ અને સમૃદ્ધિ પ્રત્યે સામાન્ય પ્રતિબદ્ધતા ધરાવે છે.

તેમણે કહ્યું કે સરકાર અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને સ્વતંત્રતા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ડૉ. જયશંકરે કાબુલમાં ભારતના ટેકનિકલ મિશનને ભારતીય દૂતાવાસના દરજ્જામાં અપગ્રેડ કરવાની પણ જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## BHARAT RICE CONFERENCE

ભારતીય ચોખા નિકાસકાર મહાસંઘ-IREF એ જાહેરાત કરી છે કે નવી દિલ્હીમાં યોજાનાર ભારત આંતરરાષ્ટ્રીય ચોખા સંમેલન 2025ની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે.

આ બે દિવસીય કાર્યક્રમ 30 અને 31 ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય રાજધાનીના ભારત મંડપમ ખાતે યોજાશે. આ સંમેલન સમગ્ર ચોખા મૂલ્ય શૃંખલાને એકસાથે લાવશે, જેમાં લગભગ 150 પ્રદર્શક કંપનીઓ ભાગ લેશે જે નવીનતાઓ, ટેકનોલોજી અને પ્રીમિયમ ચોખાની જાતોની વિશાળ શ્રેણી પ્રદર્શિત કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## NEW RBI DEPUTY GOVERNOR

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નાયબ ગવર્નર તરીકે શિરીષ ચંદ્ર મુર્મુએ ત્રણ વર્ષ માટેનો કાર્યભાર સંભાળ્યો. અગાઉ તેઓ રિઝર્વ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર હતા.

નાયબ ગવર્નર તરીકે શ્રી મુર્મુ સંદેશાવ્યવહાર વિભાગ, સરકાર અને બેંક ખાતા વિભાગ, નિયમન અને અમલીકરણ વિભાગનું સંચાલન કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# EARTHQUAKE PHILIPPINES

ફિલિપાઇન્સના મિંડાનાઓમાં આજે સવારે **7.4** ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. યુરોપિયન-ભૂમધ્ય ભૂકંપશાસ્ત્રીય કેન્દ્રના જણાવ્યા અનુસાર ભૂકંપ **58** કિલોમીટરની ઊંડાઈએ હતો. યુ.એસ. સુનામી ચેતવણી પ્રણાલીએ સુનામીની ચેતવણી જાહેર કરી છે, જેમાં કહેવાયું કે, ભૂકંપના કેન્દ્રથી **300** કિલોમીટરની અંદર આવેલા દરિયાકાંઠા પર સુનામી મોજા ઉછળવાની શક્યતા છે. અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

ગયા અઠવાડિયે, ફિલિપાઇન્સના સેબુ પ્રાંતમાં **6.9** ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં **70** થી વધુ લોકો માર્યા ગયા હતા અને ઘણા ઇજાગ્રસ્ત થયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## TEST CRICKET

ક્રિકેટમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટ મેચમાં ભારતે ટોસ જીતી પ્રથમ બેટિંગ પસંદ કરી છે. ભારતના 1 વિકેટે 185 રન થયા છે. કે એલ રાહુલ 38 રન બનાવીને આઉટ થયા હતા. છેલ્લા અહેવાલ મુજબ યશસ્વી જયસ્વાલ 95 અને સાઇ સુદર્શન 52 રન બનાવી રમતમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## UTTARAKHAND- HEMKUND CLOSE

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા પવિત્ર શીખ મંદિર હેમકુંડ સાહિબના દરવાજા આજથી સત્તાવાર રીતે બંધ કરવામાં આવશે. શિયાળાની ઋતુ દરમિયાન બંધ થનાર આ મંદિરના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો આવી રહયા છે.

હેમકુંડ સાહિબ ટ્રસ્ટ દ્વારા તમામ જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. સુખમણી સાહિબના પાઠ બાદ વર્ષની અંતિમ અરદાસ થશે, ત્યારબાદ શિયાળા માટે મંદિર બંધ રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .